

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*બકાસુર, નર્કાસુર, સત્તાસુર થઈ બેઠા છે,*
*સત્તા-સિંહાસને ઠેર-ઠેર, ચૂંડ-મૂંડ બેઠા છે,*
*જાગો ! ચૂંટણીમાતા ઉઠો 'મત' હથિયાર લઈ -*
*એ, ભોળી-નિર્દોષ પ્રજાના મનમાં જઈ બેઠા છે...*
*(હવનાષ્ટમી)*

### હાઈકુ

*હે 'માં' અંબાજી !*
*સત્તાના અસુરોથી -*
*કરજો રક્ષા...*

*હે મહાકાલી,*
*વધ કરી હોમી દો -*
*મત કુંડીમાં*

### ચિંતન

**સ્વાધ્યાયાન્મા પ્રમદ:**

**ઉપરોક્ત સૂત્ર તૈતરિય ઉપનિષદમાંથી લેવામાં આવેલ છે.**

**સાધકે નિયમિત સ્વાધ્યાય કરવો જોઈએ.**

**જીવનમાં કશું નિરર્થક નથી. પરમાત્માની આ સૃષ્ટિમાં કશુંયે અર્થહીન નથી. દુઃખ અને વિઘ્નોનું પણ જીવનમાં સ્થાન છે, તેમનું પણ મૂલ્ય છે. તેમનાં દ્વારા પણ જીવનમાં કાંઈક ઉપયોગી હેતુ સિદ્ધ થાય છે.**

**જો જીવનમાં દુઃખ કે વિઘ્નો ન હોય તો સાધકની ચેતના ઊંઘ કે પ્રમાદમાં સરી પડે છે. વિઘ્નો સાધકને જાગ્રત રાખે છે, આગળ વધવા માટે પ્રેરણા આપે છે. વિઘ્નો છે તેનો અર્થ એમ કે જીવનદેવ આપણને એમ સૂચવે છે કે આપણે જ્યાં છીએ ત્યાં બરાબર નથી. આપણે આગળ વધવાની, ઉપર ઊઠવાની જરૂર છે. વિઘ્ન તો પરિવર્તન માટેની પૂર્વ સૂચના છે. વિઘ્નોનો સોપાન તરીકે ઉપયોગ કરી લે તે ડાહ્યો સાધક છે.**

### સુવિચાર

- ૨૦૦ જાનવરો એક જ લાકડીના કાબૂમાં હોય છે પરંતુ,
  ૨૦૦ માણસો ૨૦૦ લાકડીઓના કાબૂમાં હોય છે - **નાઈજીરીયન કહેવત**
- અહિંસા આપણને ઉત્તમ કક્ષાની નીતિમત્તા તરફ દોરી જાય છે અને એ જ બધી ક્રાંતિનું ધ્યેય છે. બદા જીવોને હાનિ પહોંચાડવાનું બંધ ન કરીએ ત્યાં સુધી આપણે સૌ જંગલી જ ગણાઈએ - **સંત રોબિન**
- પરાજય અને આપત્તિનો સ્વભાવ નિર્ભય લોકોથી દૂર રહેવાનો છે - **નહેરુ**
- બડાશ હાંકનારો કવચિત જ મહાન હોય છે - **એસ. ભટ્ટાચાર્ય**
- શાણા માણસો જિંદગીએ તેમની પાસેથી શું લઈ લીધું તેનો શોક નથી કરતાં પણ
  જિંદગીએ તેમને શું આપ્યું તે જુએ છે - **બર્નાડ શો**
- આંખની પાંપણ પટપટાવીને જો કશુંક વ્યક્ત કરી શકાતું હોય તો
  આખુ શરીર હલાવવું એ પણ હિંસા છે - **રિચાર્ડ બર્ટન**
- આજનું ઔષધ : નાગરવેલના પાન આંખ પર બાંધવાથી દુઃખથી આંખો સારી થાય છે.

**(સંકલન : દિપક વી. આશરા)**

### બોધકથા

ગુરુ કન્ફુશિયસને શિષ્યએ પૂછ્યું, 'આનંદના પ્રકાર કેટલા છે ? અને એના લાભ-ગેરલાભ પણ જણાવો.' ગુરુએ કહ્યું, 'આનંદ છ પ્રકારના છે એમાં ત્રણ આપણું હિત કરનારા અને બાકીના ત્રણ આનંદ આપણા હિતશત્રુ જેવા છે.' ગુરુએ આગળ સમજાવતા કહ્યું, 'પ્રથમ આનંદ કે જે શિષ્ટાચાર અને સાત્વિક સંગીત કે અન્ય કળાના વિદ્યાભ્યાસમાંથી મલે છે. તે બીજા પ્રકારનો આનંદ અન્યની સેવામાંથી આવેલ આનંદ છે. ત્રીજા પ્રકારનો આનંદ સજ્જન મિત્રોનો સંગ. સારા મિત્રોનો સંગ જેને મળે છે તે ખજાનાં જેવો છે.' ગુરુએ અહિત કરનારા ત્રણ આનંદોની વાત સમજાવતા કહ્યું, 'પરિશ્રમ વગર પ્રાપ્ત કરેલી લક્ષ્મીનો આનંદ ક્ષણજીવી હોય છે. બીજો પ્રકાર છે મહેનત અને પરિશ્રમમાંથી ચાલાકીથી છટકી જવું, જે જડ પ્રકારનો આનંદ છે, એમાં સાચા આનંદની ઉર્મિ નથી હોતી. અને ત્રીજા પ્રકારનો આનંદ જે અહિત કરે છે એ છે ભૂખ કરતાંય વધુ ભોજન કર્યા પછી મળતો આનંદ. ઠાંસી ટાંસીને ખાવાથી આનંદ મળે છે પણ એ આનંદ તન ને અને મનને પણ બગાડે છે. તન-મન બગડે એટલે ધન પણ બગડે છે. અને તન-મન-ધન બગડે ત્યાં જીવનમાંથી આનંદ બાષ્પીભવન થઈ જાય છે.'

આમ છ પ્રકારના આનંદનો જવાબ સાંભળી શિષ્યે ગુરુ કન્ફયુશિયલ ને વંદન કર્યા.

# પાટીદારોને મનાવવાના પ્રયાસો

પાટીદાર સમાજને ફરી પાછો ભારતીય જનતા પાર્ટી તરફ વાળવાના ગંભીર પ્રયાસના ભાગ રૂપે ગુજરાતની રૂપાણી સરકારે સમાજના સો જેટલા વિવિધ ક્ષેત્રો અને સંગઠનોના અગ્રણીઓ સાથે મંત્રણા કરી એમના તમામ પ્રશ્નો અને માગણીઓ ઉકેલવા માટેની તૈયારી દર્શાવી તે જ સૂચવે છે કે પાટીદાર વોટ બેંકનું શાસક પક્ષ માટે કેટલું મહત્ત્વ છે. પાટીદારોના જ ટેકાથી અત્યાર સુધી છેલ્લા અઢી દાયકા દરમિયાન ભારતીય જનતા પાર્ટી કોંગ્રેસ જેવી રાષ્ટ્રીય પાર્ટીને હરાવતી રહી છે. પરંતુ આગામી ચૂંટણીમાંએ જ પાટીદારો જો હાર્દિક અને લાલજી પટેલ જેવા આંદોલનકારીઓની હાકલને માન આપી ભાજપને જાકારો આપે તો શાસક પાર્ટી માટે યથાસ્થિતિ ટકાવી રાખવી અઘરી છે. એક તરફ પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષે ઉત્તરપ્રદેશની વિધાનસભાની જેમ ગુજરાતની હોમ પીચ પર રેકોર્ડબ્રેક સ્કોર કરવાનો સંકલ્પ લેવડાવ્યો છે જયારે સામે પક્ષે પાર્ટીના મુખ્ય જનાધાર સમો પાટીદાર સમાજ છેલ્લા કેટલાક વખતથી તદ્દન વિરોધી વલણ અપનાવી રહ્યો છે. પાટીદારા ધારાસભ્યો પોતે અધ્ધર જીવે કામ કરી રહ્યા છે એમને ચૂંટણી દરમિયાન પોતાના જ સમાજના યુવાનો અને મહિલાઓ તરફથી જાકારો મળે એવો ભય સતાવી રહ્યો છે. આવા ધારાસભ્યોમાં ખુદ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ પણ બાકાત નથી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો કરિશ્મા પણ નારાજ પાટીદારોને પ્રભાવિત કરી શકે એમ નથી. સરકારે આંદોલનને ધીમું પાડવાના અને વેરવિખેર કરવાને અનેકવિધ પ્રયાસો કર્યા, હાર્દિક પટેલને તડીપાર કર્યો, એની વિરુદ્ધ દેશદ્રોહ જેવી ગંભીર કલમ લગાડી અને એ બધા પ્રયાસોને કશી નોંધપાત્ર સફળતા ન મળી ત્યારે બિન અનામત આર્થિક પછાત વર્ગો માટે દસ ટકા અનામતની જોગવાઈ પણ કરી. પરંતુ હાઈકોર્ટે સરકારનું આ પગલું અયોગ્ય ઠેરવ્યું એથી ઊલટાની સરકાર મૂંઝવણભરી સ્થિતિમાં મૂકાઈ ગઈ. હાઈકોર્ટના ચુકાદા વિરુદ્ધ ગુજરાત સરકારે સર્વોચ્ચ અદાલતમાં અપીલ પણ કરી છે. દક્ષિણનાં રાજયોમાં ૫૦ ટકાથી વધુ અનામત અપાયેલી છે અને રાજસ્થાન તથા હરિયાણામાં પણ જાટ સમુદાય જેવા વર્ગો માટે આવી વિશેષ જોગવાઈ કરાઈ છે. ગુજરાત સરકાર માટે પાટીદાર સમાજને કઈ રીતે રીઝવવો તે મોટો પ્રશ્ન છે. સરકારે આ માટે યુદ્ધના ધોરણે પાટીદાર આયોગની રચના કરવાનો નિર્ણય લીધો છે. વળી શહીદ પાટીદારોને વળતર નહીં ચૂકવી શકનારી સરકારે વૈકલ્પિક રસ્તો કાઢી એમના પરિવારના સભ્યોને સમાજશ્રેષ્ઠીઓ મારફત સહાય પહોંચાડવાનું અને સહકારી સંસ્થાઓમાં નોકરીએ રાખવાની ગોઠવણ કરી છે. પોલીસ દમન વિરુદ્ધ પણ તપાસપંચ રચવાની યોજના થઈ છે તથા જેમની સામે કેસ થયેલ છે. તેવા યુવાનો સામેના કેસ પાછા ખેંચી લેવા પણ સરકાર સહમત થઈ છે. ટૂંકમાં હાર્દિક સહિત પાટીદાર આંદોલનના આગેવાનોની તમામ માગણીઓ સરકારે સ્વીકારી લીધી છે. પાટીદાર સમાજ સામે સરકાર ઝૂકી ગઈ છે, એવું સ્પષ્ટ વરતાઈ રહ્યું છે. ઉપસ્થિત રહેલા ઘણા સામાજિક આગેવાનો અને પાટીદાર સમાજનાં ધાર્મિક સંગઠનોના અગ્રણીઓએ સરકારનાં આ પગલાંને આવકાર્યા છે, જો કે હાર્દિક પટેલ જેવા આંદોલનકારીઓને હજી પૂરો સંતોષ નથી. ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ અધ્યક્ષ જીતુ વાઘાણીએ હાર્દિક જેવા આગેવાનો કોંગ્રેસની 'એ' ટીમ બની ચૂક્યા હોવાનો આક્ષેપ કર્યો છે. કોંગ્રેસ એમના જ ટેકાથી સત્તા પાછી મેળવવાનાં સપના જોઈ રહી છે એવા આક્ષેપમાં તોડું ઘણું તથ્ય હોઈ પણ શકે; પણ પાટીદારોની માગણીઓ આમ એકી ઝાટકે ચૂંટણીની પૂર્વસંધ્યાએ સંતોષી દેવાથી નારાજ થયેલો આખો સમાજ રાતોરાત રાજી થઈને ભાજપ તરફ વળશે એવી અપેક્ષા પણ વધારે પડતી છે. રાહુલ ગાંધીને સૌરાષ્ટ્રમાં મળી રહેલ પ્રચંડ પ્રતિસાદ જોતાં એમ જ લાગે કે અંડર કરંટ વર્તમાન સરકાર અને શાસક પક્ષની વિરુદ્ધમાં છે. આવા વિપરીત સંજોગોમાં પાર્ટી માટે વિક્રમજનક દોઢસો બેઠકોનો લક્ષ્યાંક સિદ્ધ કરવો કેટલો અઘરો છે તે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ સહિત તમામ નેતાઓ બરાબર સમજે છે. એથી જ તેઓ પાટીદાર સમાજના વિકલ્પે ઓબીસી જાતિઓ અને આદિવાસી સમાજને રીઝવવા આકાશપાતાળ એક કરી રહ્યા છે.

*તંત્રીસ્થાનેથી...*

# વર્લ્ડ હાર્ટ ડે : હૃદયને ફીટ રાખવાના પાંચ રસ્તા






**પહેલું સુખ તે જાતે નર્યા**

ડૉ. કેદાર ઉપાધ્યાય

આવતી કાલે વર્લ્ડ હાર્ટ ડે છે. હૃદય આપણું બહું સેન્સેટીવ અંગ છે. નાની અમથી બાબતમાં જોરથી ધબકવા લાગે આપણને ટેન્શનમાં નાખી દે. આપણે એમ જ બોડી ચેકઅપ કરાવવા ગયા હોઈએ અને રિપોર્ટમાં કોલેસ્ટેરોલ વધેલું આવે કે તરત જ ટેંશન થઈ જાય. તાત્કાલિક ડોક્ટર પાસે જઈએ અને ડોક્ટર પણ તાત્કાલિક ધોરણે કોલેસ્ટેરોલની દવાઓ શરૂ કરાવી દે. થોડો ઘણો ગેસ થયો હોય અને છાતીમાં દુખવા આવે કે તરત જ શંકાના સમાધાન માટે કાર્ડિયોગ્રામ કઢાવી આવીએ. ટુંકમાં, આપણે આપણા હૃદય બાબતે બહુ સજાગ છીએ, સજાગ રહેવું જ જોઈએ, પણ ચિંતીત નહિં. કારણકે ચિંતા અને ટેંશન હૃદયને ચોક્કસપણે નબળું પાડે છે.આજે આપણે એવી બાબતો જાણીએ કે જેથી આપણું હૃદય સ્વસ્થ રહે.આ એવી બાબતો છે કે જેને અનુસરવા માટે કોઈ મોટા રોકાણ કે મોકાણ કરવાના નથી. આહાર-વિહાર સબંધીત આ પાંચ સરળ સલાહો ખાસ આપના હૃદય માટે...

-તેલનો ઉપયોગ ઘટાડવો: ચરબીયુક્ત તેલનો ઉપયોગ શક્ય તેટલો ઓછો કરવો. વ્યક્તિદીઠ દિવસની દોઢ ચમચી થી વધુ તેલનો વપરાશ ન કરવો. મોટા ભાગના તેલમાં ''એન-૬ પુફા'' નામે સંયોજન હોય છે જે હૃદયનું ઓક્સીડેશન અને ડેમેજ કરે છે. રેસ્ટોરંટમાં અને માર્કેટમાં મળતા પડીકાઓમાં મળતા ચટપટા ખાદ્યપદાર્થોમાં આવા તેલ ભારોભાર હોય છે. આપણે ત્યાં માં-બાપો પોતાના નાના બાળકોને પડીકાઓ ખાવાની બહુ ખરાબ આદત પડાવી દેતા હોય છે, જે ચિંતાજનક છે.

-ઘી-માખણ હૃદય માટે હિતકર છે: અત્યાર સુધી આપણે એવું માનતા આવ્યા છીએ કે ઘી,માખણ, ચીઝ, પનીર આદિ ચરબી દ્રવ્યોથી કોલેસ્ટેરોલ વધે છે. આપણી આ માન્યતા ખોટી સાબિત થઈ છે. અમેરિકામાં તાજેતરમાં જ થયેલા સંશોધનમાં એ સાબિત થઈ ગયું છે કે ઘી, માખણ, ચીઝ જેવા ચરબીયુક્ત પદાર્થો (જેમા સેચ્યુરેટેડ ફેટ હોય છે) તેનાથી કોલેસ્ટેરોલ કે હૃદયરોગ થતા નથી. ઉલ્ટું આ દ્રવ્યો હૃદયનું ઓક્સીડેશન ઘટાડે છે અને તેને સ્વસ્થ રાખે છે. એટલે ઘી-માખણ આદિ પ્રમાણસર લેવામાં કાઈ વાંધા જેવું નથી.

- શ્યુગરનો (શર્કરા) વપરાશ ઘટાડવો: શર્કરાયુક્ત આહારનો વધું વપરાશ આપના હૃદય માટે જોખમકારક નિવડી શકે. અમુક રિસર્ચમાં તો એવું પણ સાબિત થયું છે કે ચોખા, બટેટા, બ્રેડ, અને પાસ્તા જેવા સાદા કાર્બોદિતોનો વધુ વપરાશ પણ હૃદયની માંસપેશીઓ માટે નુકસાનકારક છે.

-વિટામિન અને મિનરલ્સ પુરતા લેવા: વિટામિન અને ખનિજતત્વોની શરીરમાં ઉણપ ક્યારેક હૃદયને નબળું પાડી શકે. શાકાહારી આહારમાં લીલા શાકભાજી, દૂધ અને ફળોમાં થી આ તત્વો મળી શકે. વિટામિન સીધી તેમજ આડકતરી રીતે હૃદયને પોષણ આપે છે. એક ઉદાહરણ જોઈએ. વિટામિન કે-૨ ખૂબ ઓછું જાણીતું વિટમિન છે. અત્યાર સુધી આ વિટામીન પર ખૂબ ઓછો ભાર મુકવામાં આવતો, પણ હાલમાદ્દ થયેલા સંશોધનો પ્રમાણે

**અનુસંધાન પાના નં. ૭ પર**

# નવરાત્રીના નવ રંગ, દસમો રંગ ફાફડા-જલેબીનો

આ વરસની નવરાત્રી પૂર્ણ થવાને આરે પહોંચી ગઈ છે. આજે આઠમ, કાલે નોમ અને પરમદિવસે દશેરા, એ સાથે નવરાત્રી પૂરી. આઠમ એટલે નવરાત્રીનો બહુ અગત્યનો દિવસ. અમદાવાદમાં ભદ્રકાળી માતાનો હવન આઠમના દિવસે થાય. બધા શક્તિપીઠોમાં આઠમે હવન થાય છે. અમે પહેલાં કામદાર કોલોનીમાં રહેતા હતા. કારીગરભાઈઓને કદી આઠમની રજા પડે નહીં એટલે દશેરાના રજાના દિવસે માતાજીનો હવન કરતા. અહીં સરકારી કર્મચારીભાઈઓને પણ દશેરાની રજા પડે છે. તેથી લગભગ બધા સેક્ટરોમાં દશેરાના દિવસે જ હવન થાય છે. હું માનું છું કે મોટાભાગના ગુજરાતમાં આજકાલ દશેરાના દિવસે હવન કરવામાં આવતો હશે. પણ એથી કંઈ આઠમનો મહિમા ઓછો થતો નથી. દરેક સામાન્ય ભાવિક આઠમના દિવસે માતાજીનું નૈવેધ કરે છે. આ નવૈધ એક ઉત્તમ પરંપરા છે. તેમાં નૈવેધના નિમિત્તે કુટુંબના બધા સભ્યો ભેળા થાય છે અને આનંદથી આઠમની ઉજવણી કરે છે. આઠમના નૈવેધના કારણે દશેરાના દિવસે પેટ ભરીને ફાફડા-જલેબી ખાનારાઓને મોકળું મેદાન મળી જાય છે. બપોરે જમ્યા પછી તબિયતથી ઉંઘવાનું પણ સારામાં સારું આયોજન થઈ જાય છે. આઠમના દિવસે માતાજીને લાપસી ધરાવાનું તો સમજાય તેવું છે. પણ આ ફાફડા-જલેબી ખબર નહીં ક્યારથી આપણી દશેરાની ઉજવણીમાં સામેલ થઈ ગયા છે તેની કશી સમજ પડતી નથી. જલેબી મૂળે પૂર્વ આફ્રિકા અને પૂર્વ એશિયાની વાનગી છે, જે મારા માનવા મુજબ મુસ્લીમોના ભારત આગમન પછી આપણા દેશમાં પ્રવેશી છે પણ એ દશેરા સાથે કઈ રીતે જોડાઈ ગઈ હશે? કેટલાક એવું કહે છે રામ અને રાવણનું યુધ્ધ નવ દિવસ ચાલ્યું હતું અને રાવણ દસમા દિવસે માર્યો ગયો હતો. રામને જલેબી બહુ ભાવતી હતી અને હનુમાનજીને ચણાની વાનગી (કદાચ ફાફડા) ભાવતી હતી. એટલે રાવણના વધ પછી બધાએ ફાફડા-જલેબી ખાઈને જોરદાર ઉજવણી કરી હતી. હવે જો ઈતિહાસકારોની વાત માનીએ તો જલેબી ઈસ્લામના આગમન પછી ભારતમાં આવી છે. તો રામે જલેબી ક્યાંથી ખાધી હોય? પરંતુ એ સમયે જલેબી ભલે ભારતમાં પ્રવેશી ન હતી પણ ચણા અને ચણાની અનેક આઈટમો તે સમયે ભારતમાં બનતી હશે. ફાફડા ચણાના લોટની વાનગી છે એટલે તે શતપ્રતિશત ભારતીય જ હોવાની. ગુજરાતની ના હોય તો કદાચ ઉત્તરપ્રદેશની હોઈ શકે એટલે ફાફડાના અસ્તિત્વ બાબતે મને કોઈ શંકા નથી પણ જલેબીની જગ્યાએ બીજી કોઈ વસ્તુ હોવી જોઈએ. આવી એક જ ચીજ છે અને તે બુંદી. બુંદીમાં પણ જલેબીની જેમ ચાસણીથી ગળપણ ઉમેરવામાં આવે છે. આથી રામ લક્ષમણ અને સમગ્ર વાનરસેનાએ ફાફડા સાથે બુંદીની



ભરપેટ જયાફત ઉડાવી હશે. જે રસમ હજારો વરસ ચાલુ રહી હશે અને જ્યારે મુસ્લીમો ભારતમાં જલેબી લઈને આવ્યા ત્યારે કાળક્રમે કોઈ સ્વાદરસિયાઓએ ફાફડા સાથે જલેબીને જોડી દીધી હશે. કટ્ટરવાદી હિંદુ-મુસલમાન ભાઈઓને તો આની ખબર ક્યાંથી હોય? પણ સંસ્કૃતિનો સમન્વય આ રીતે જ થાય છે. હિંદુ-મુસલમાનો ભલે એકબીજા સાથે ઝઘડ્યા કરે, ફાફડા અને જલેબી કોઈ દિવસ બાઝવાના નથી એની આપણને સૌને ખાત્રી છે. પાછા એકલા ફાફડા ગળે ઉતરી ના શકે એટલે સંગતમાં કઢી આવે છે. કઢી અસલ ગુજરાતી આઈટમ છે. કેટલાક વળી ફાફડા જોડે પપૈયાની ચટણી પણ આરોગે છે.આમ ફાફડા-કઢી, પપૈયાની ચટણી અને છોગામાં જલેબી એવું એક અદભુત સંયોજન ઉત્પન્ન થાય છે. જે સ્વાદના રસિયા ગુજરાતીની ઓળખ બને છે.



**મનના ઉમંગો**

રણછોડ પરમાર

હવે ફફડા-જલેબીની વાત કરીએ અને ચંદ્રવિલાસની વાત ના કરીએ તે કેવી રીતે બને? ચન્દ્રવિલાસ અને ફાફડા-જલેબી એકબીજા સાથે સંગમ પિક્ચરના ગીત (દો જિસ્મ મગર એક જાન હે હમ !) ની જેમ જોડાઈ ગયેલા છે જેને જલેબી ભાવે છે તેવો અમદાવાદી ચંદ્રવિલાસની નજીકથી પસાર થાય તો તે જલેબી ખાધા વગર રહે તે વાત અસંભવામિ યુગે યુગે જેવી છે.રાજસ્થાનથી આવેલા શ્રી ચીમનલાલ જોષીએ તેમના પિતાશ્રી ચન્દ્રભાણની યાદમાં આ રેસ્ટોરંટ શરૂ કરી હતી. ત્યારે ઉપર પોષ્ટ ઓફિસ હતી અને નીચે ઘોડા બાંધવાની જગ્યા હતી. ઈ .સ. ૧૯૦૦માં ખુલેલી આ હોટલમાં તે સમયે કેવળ એક રૂપિયામાં ફુલ ગુજરાતી થાળી મળતી હતી. તે જમાનામાં બહારનું ખાવાનું લગભગ વર્જ્ય ગણાતું હતું છતાં ચન્દ્રવિલાસે અપાર લોકપ્રિયતા પ્રાપ્ત કરી હતી. વરસો પહેલા જ્યારે આજુબાજુના ગામના લોકો અમદાવાદમાં ખરીદી કરવા આવતા હતા ત્યારે તેમના બાળકો ચન્દ્રવિલાસની જલેબી લાવવાનું ચોક્કસ કહેતા અને વડીલો જ્યારે ઘેર જઈને બાળકો સમક્ષ જલેબી ધરતા ત્યારે બાળકો રાજીના રેડ થઈ જતા. ચન્દ્રવિલાસની જેમ આશ્રમરોડ પર ઓસવાલની જલેબી અને ફાફડા લોકપ્રિય થયા છે. પાલડી પાસે સૌરાષ્ટ્રની બસો ઊભી રહે છે ત્યાં પાછળના બસ સ્ટેંડે પણ બહુ સારી જલેબી બનાવાય છે. હવે તો અમદાવાદમાં અસંખ્ય સ્થળોએ અમદાવાદીઓને ટેસડો પડાવી દે તેવાં ફાફડા — જલેબી બનતાં હશે. પણ એ બધામાં ચન્દ્રવિલાસ શિરમોર છે. ૨૦૦૧ ના ધ્રતીકંપમાં નુકસાન થયું હતું તે રીપેર થાય તે પહેલાં ૨૦૦૨ ના કોમી હુલ્લડે આ લાખોના પેટ ઠારનારી રસોયણને પણ ના છોડી. હાલ તે ખખડપાંચમ મકાનમાં ડચકા ખાતા હૃદયની જેમ ધબકી રહી છે.મેં ડચકા ખાતા હૃદયની ઉપમા ભલે આપી પણ હજી એકવાર તમે ગાંધીરોડની ફૂટપાથ ઉતરી તેના જીર્ણશીર્ણ મકાનમાં પ્રવેશશો કે તરત લગભગ બધા ટેબલ પર હોંશે હોંશે ફાફડા-જલેબી ખાતા અમદાવાદીઓ નજરે પડશે. ટેબલ પર બેસતાં જ ફરી ભવ્ય ભૂતકાળમાં સરી જશો. ટેબલ ઉપર ફાફડા-જલેબીની ડીશો મૂકાતા બધું ભૂલાઈ જવાશે અને મન તૃપ્ત થઈ જશે. આ લખતાં તો લખી દીધું પણ પેલા પીઝા-બર્ગરના ચટાકિયાઓને આવી વાતો બકવાશ લાગવાની. આ તો થઈ મદાવાદની ચન્દ્રવિલાસની વાત પણ હવે ગાંધીનગરમાં સેકટર-૨ માં ઘ-૨ પાસે શ્રીનાથ ગાંઠીયા રથ શરૂ થયો છે. તેના ગાંઠીયા-જલેબી ભૂતપૂર્વ મુખ્ય મત્રીશ્રી કેશુભાઈ પટેલ ઘણી વાર મંગાવે છે સૌરાષ્ટ્ર ગાંઠીયા રથ ઠેર ઠેર ઉઘડ્યા છે.સૌરાષ્ટ્રમાં તો મોટાભાગના લોકો વહેલી સવારે ગાંઠીયા- જલેબી ખાધા પછી જ બીજુ કામ હાથમાં લે છે. તારક મહેતાના ઊંધા ચશ્માવાળા જેઠાલાલે આખા ભારતમાં ગાંઠીયા- જલેબી જાણીતા કરી દીધા છે. બાકી રહ્યું તે શ્રી નરેન્દ્ર મોદી વડાપ્રધાન બન્યા એટલે ગાંઠીયા- ફાફડા-જલેબી ઉપરાંત ગુજરાતના ઢોકળા અને ઢેબરા પણ દેશભરમાં જાણીતા કરી દીધા છે.હવે ભારતની મુલાકાતે આવતા ચીનના પ્રેસીડન્ટ જીન પીંગ અને જાપાનના પ્રેસીડંટ સિંજો એબેને પણ આપણી વાનગીઓનો સ્વાદ ચાખવા મળ્યો છે.

**અનુસંધાન પાના નં. ૭ પર**

# વિજયાદશમીનું પર્વ આપણને દુર્વૃત્તિઓ પર વિજય મેળવવાનો સંદેશ પાઠવે છે

*આજદશહરે કી ઘડી આઈ*
*જૂઠ પર સચ કી જીત હૈ ભાઈ*
*રામચન્દ્ર ને રાવણ મારા*
*તોડ દિયા અભિમાન ભી સારા*
*એક બુરાઈ રોજહટાવો*
*ઔર દશહરા રોજમનાઓ*
*હારકે ભી વો જીતા રાવણ*
*મુક્તિ પાઈ રામ કે ચરન*

- ગુલશન મદાન

• • •



ત્રેતાયુગમાં શ્રી રામચંદ્રજીએ રાવણ પર વિજય મેળવ્યો. તે દિવસ હતો આસો સુદ દશમીનો. જે ભારત વર્ષમાં 'વિજયા દશમી' તરીકે ઉજવાય છે. નવ-નવ દિવસમાં જગદંબાની ઉપાસના કરી મેળવેલી શક્તિ વિજય પ્રસ્થાન માટે પ્રેરક બની. છત્રપતિ શિવાજી મહારાજે પણ ઔરંગઝેબને જેબ કરવા દશેરાના દિવસે પ્રસ્થાન કરી હિન્દુ ધર્મનું રક્ષણ કર્યું હતું.

વિજય પ્રસ્થાન, સીમોલ્લંઘન, શસ્ત્રપૂજન... આ બધી ભવ્ય પરંપરાઓ પર્વરુપે સચવાઈ પેઢી દર પેઢી કાળબોધ પાઠવે છે.

રામ દ્વારા થયેલ રાવણ વધ એટલે આસુરી શક્તિ પર દૈવી શક્તિનો વિજય. અસત્ય પર સત્યનો ભવ્ય વિજય...

વિશ્વભરમાં 'રાવણ' નામનો કોઈ વ્યક્તિ નથી. 'રામ' નામના અનેક લોકો મળી આવે પરંતુ 'રાવણ' નહીં મળે... રાવણ તો રાવણ જ છે !!

રાજાધિરાજ લંકેશ મહારાજ રાવણ 'દશાનન' તરીકે ઓળખાય છે. આ 'દશાનન' (દસ મોંઢા) શબ્દ સાંભળતાં જ રાવણનો ભયંકર ચહેરો નજર સમક્ષ આવે.આપણા માનસપટ પર રાવણ વિશેની આ નકારાત્મક છાપ જડાઈ ગઈ છે.

વિદ્વાનો એવું કહે છે, રાવણને દસ મસ્તક નહોતા પરંતુ તે દસમાથા હોવાનો ભ્રમ પેદા કરી દેતો હતો તેથી લોકો તેને 'દશાનન' કહેતા. બીજા કેટલાક એવું કહે છે, આપણા છ હિંદુ દર્શન શાસ્ત્રો અને ચાર વેદનો જ્ઞાતા હતો એટલે તેને 'દસ કંઠી' કહેવાતો. છતાં પણ મોટાભાગના વિદ્વાનો અને પુરાણોના મત મુજબ એ સાચું છે કે, રાવણ માયાવી હતો.

પ્રથમવાર રાવણને જોતાં હનુમાનજી કહે છે;

*'અહો રુપ મહો ધૈર્ય મહોત્સવ મહો દ્યુતિ: ।*
*અહો રાક્ષસ રાજસ્ય સર્વભક્ષણયુક્તતા ॥'*

અરે, રાવણને જોઈને રામચંદ્રજી મુગ્ધ થઈ જાય છે ને કહે છે; 'રૂપ, સૌંદર્ય, ધૈર્ય, કાન્તિ, તથા સર્વ લક્ષણયુક્ત હોવા છતાં પણ જો રાવણમાં અધર્મ બળવાન ન હોય તો તે દેવલોકનો પણ સ્વામી બની જાત.'



**લાગણીનો મેળો**

રસિક વાળંદ

રાવણ જપ, તપ, સાધના અને બુદ્ધિ અપ્રતિમ હતા. દેવો એના તાબામાં હતા. બૌદ્ધિક માહશક્તિ ધરાવનારા આ 'દશાનન'માં અહંકારેય દસ ગણો હતો. અહંકારનું આવરણ એવું તો ગાઢું હતું કે પોતે જ સાચા ને સઘળા ખોટા... દોસ્તો, રામ અને રાવણ અર્થાત્ સારું- નરસું પ્રત્યેકમાં હાજરાહજૂર છે જ... વગોવાયેલી નામચીન વ્યક્તિમાં પણ સારપનો અંશ જોવા મળે છે તો બીજી બાજુ સજ્જન ગણાતી વ્યક્તિમાં દુર્વૃત્તિ રૂપી રાવણ હોય પણ ખરો.

દોસ્તો, વિજયાદશમીનું પર્વ આપણને દુર્વૃત્તિઓ પર વિજય મેળવવાનો સંદેશ પાઠવે છે. જન્મજાત ષડ્રિપુઓ સામે તો લડવાનું છે જ... કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર આ ઉપરાંત અહંકાર, આળસ, દંભ અને કુદૃષ્ટિ આ રાવણપણાને પિછાણવાનો છે. આપણા પંડમાં રાવણ ગમે તે રૂપે છુપાયેલો હશે જરા... જાતને જોતાં શીખીએ... નાની અમથી વાતમાં ગુસ્સો કરવો, ડગલે-પગલે જૂઠું બોલવું, Laziness, મા-બાપને દુભવવા, સમય વેડફવો, કામ ટાળતા રહેવું, બિનજરૂરી ખોટા ખર્ચા કરવા, નકામો દેખાવ કરવો, ચોરી કરવી, મોબાઈલ પર ઓનલાઈન ચોટી રહેવું, હેલ્મેટ કે સીટબેલ્ટનો ઉપયોગ ટાળવો, વ્યસન કરવાં, ઊંધ્યા કરવું, સમયપાલન ન કરવું... આવાં ટચૂકડા રાવણ આપણા માંય પાડ્યા છે... એની સામે જંગ માંડવાનો છે... જંગ માંડશો ને?! *સત્યમેય જ્યતે।*

***સ્પર્શમણિ :***

સારા અને નરસા વિચારના આપણે જ વારસદારો છીએ. જો આપણે આપણી જાતને પવિત્ર બનાવીએ તેમજ સદ્‌વિચારોનું સાધન બનાવીએ, તો સદ્‌વિચારો આપણામાં પ્રવેશ કરશે. સારો માણસ ખરાબ વિચારોને ગ્રહણ કરવાને તૈયાર નહિ હોય, દુષ્ટ વિચારો દુષ્ટ માણસોમાં જ સારું સ્થાન જમાવી શકે છે; યોગ્ય પ્રકારની જમીન મળે ત્યારે જ જન્મે અને વધે તેવા કીટાણુંઓ જેવા જ ખરાબ વિચારો છે.

- rasikvaland1965@gmail.com